BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

દિવ્ય ભાસ્કર અમદાવાદ-સિટીભાસ્કર 11-09-2026

WORKSHOP

'વર્કપ્લેસ પર મહિલા સુરક્ષા' અંગે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

અમદાવાદઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને મહિલા તથા બાળ વિકાસ વિભાગના જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા વલ્લભ વિદ્યાનગરમાં વર્કપ્લેસ પર મહિલાની સુરક્ષા અંગે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં 'જેન્ડર એન્ડ ડેવલપમેન્ટ' તેમજ 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013' વિષય પર માર્ગદર્શન અપાયું હતું.

BAOUના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે વર્ષ વિકસિત ભારતના નિર્માણ માટે માત્ર માળખાકીય સુવિધાઓ પૂરતી નથી, પરંતુ સૌ માટે સુરક્ષિત, સંવેદનશીલ અને ગૌરવપૂર્ણ વાતાવરણનું નિર્માણ થવું પણ અનિવાર્ય છે. યુવાનોએ આત્મસન્માન સાથે જવાબદાર નાગરિક બની સમાજમાં મહિલાઓ માટે સન્માનજનક માહોલ ઊભો કરવો જોઈએ. પ્રોગ્રામમાં મુખ્ય અતિથિ તરીકે ચેરિટી કમિશનર ડૉ. યોગિની સિમ્પી ઉપસ્થિત રહ્યાં હતા.